# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### મતદાન અને પરિણામ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ઇવીએમ સીલ કરી દેવામાં આવતું હોવા છતાં કચરાના ઢગલામાં જોવા મળતાં અનેકવિધ ચર્ચાઓ ઉઠી

# અહો આશ્ચર્યમ : EVM વેરહાઉસના બદલે કચરામાં મળ્યું

**બોરસદના** અમીયાદની પંચાયત વોર્ડ 9 માટેની વર્ષ 2018ની પેટાચૂંટણી માટે ઉપયોગમાં લેવાયેલા ઇવીએમ કચરાના ઢગલામાં મળ્યા





તસવીર: ભરતસિંહ સોલંકી

(પ્રતિનિધિ) બોરસદ તા.2

બોરસદમાં ઈવીએમ મશીનના બેલેટ યુનિટ કચરાના ઢગલામાંથી મળી આવતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ઈવીએમ જેવી ખુબ જ અગત્યની ચુંટણી લક્ષી સામગ્રી બિનવારસી હાલતમાં જુની શાકમાર્કેટ પાછળના કચરાના ઢગલામાં. જોવા મળતાં આશ્ચર્યજનક બાબત ઉજાગર થયેલ છે.

બોરસદના જુના શાકમાર્કેટ પાછળના ભાગે કચરાના ઢગલામાં ઈવીએમ મશીનના બે બેલેટ યુનિટ કોઈ ફેંકી જતાં બિનવારસી હાલતમાં જોવા મળ્યા હતા. ઈવીએમ મશીન કચરાના ઢગલામાં પડ્યા હોવાની માહિતી બોરસદ વહીવટી તંત્રને મળતા જ તાબડતોબ ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી હતી. બોરસદ પ્રાંત અધિકારી, ઈનચાર્જ મામલતદાર તેમજ બોરસદ નગર પાલિકા સફાઈ વિભાગ, પોલીસ તંત્ર ધ્વારા ઈવીએમ મશીન બાબતે કાર્યવાહી હાથ ધરી હતી. સ્થળ પર પંચકયાસ કરાયા બાદ બન્ને યુનિટ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી માટે રિપોર્ટ કરાયો હતો.

ચુંટણી પ્રક્રિયા માટે ખુબ જ મહત્વપૂર્ણ ગણાતું ઈવીએમ યુનિટ ચુંટણી અગાઉ અને પરિણામ બાદ સ્ટ્રોંગ રૂમમાં સીલ કરી દેવામાં આવે છે. પરંતુ બોરસદ ખાતે બિનવારસી હાલતમાં ઈવીએમ મશીન યુનિટ મળી આવતાં સમગ્ર તાલુકામાં ચુંટણી દરમિયાન વિવિધ કારભાર હેઠળ ફરજ બજાવતા નિયુક્ત કર્મચારીઓ પ્રત્યે નારાજગી વ્યક્ત કરવામાં આવી રહી છે. કચરાના ઢગલામાંથી મળી આવેલા ઈવીએમનો ઉપયોગ વર્ષ 2018મા અમિયાદ ગ્રામ પંચાયતના વોર્ડ 9 ની પેટા ચૂંટણી માટે કરવામાં આવ્યો હતો. ઈવીએમ પરથી સ્પષ્ટ થતી વિગતો મુજબ તત્કાલીન સમયે વોર્ડ પેટા ચૂંટણીમાં બે હરીફ ઉમેદવાર હતા. તેમના ક્રમ, નામ અને નિશાન નિર્દેશ ઈવીએમ યુનિટ પર જણાઈ આવેલ છે. જોકે વર્ષ 2018ની ચુંટણી વિત્યા બાદ છ વર્ષ બાદ ઈવીએમ મશીન મળી આવેલ છે. જેથી પરિણામ બાબતે કોઈ અસર થવાની શક્યતા નથી. પણ ઈવીએમ મશીન જેવી અગત્યની સામગ્રી બિનવારસી હાલતમાં કચરાના ઢગલામાં જોવા મળે તે બાબત ઘણી જ ચર્ચાસ્પદ અને ગંભીર બાબત છે. જે અંગે સમગ્ર જીલ્લામાં ઘેરા પ્રત્યાઘાતો વ્યક્ત થઈ રહ્યા છે.

### આણંદ જિલ્લા કલેક્ટર દ્વારા તાત્કાલિક આપ્યા તપાસના આદેશ

બોરસદના જુના શાક માર્કેટની પાછળ કચરાના ઢગલામાં રાજ્ય ચૂંટણી આયોગના બે બેલેટ યુનિટ મળી આવ્યાની જાણ જીલ્લા કલેક્ટરને થઈ હતી. આ બાબતે તાત્કાલિક જ જિલ્લા કલેક્ટરએ બોરસદ પ્રાંત અધિકારીને તપાસ કરવાનું જણાવ્યું હતું, બોરસદ પ્રાંત અધિકારીએ તુરંત જ સ્થળ મુલાકાત કરી, જગ્યાનો પંચક્યાસ કર્યો હતો. પ્રાંત અધિકારીએ બન્ને બેલેટ યુનિટ કબજે લઈ બોરસદ ટાઉનના પોલીસ ઈન્સ્પેક્ટરને તપાસ કરી, રીપોર્ટ આપવા સુચના આપી હતી.

### તત્કાલિન ફરજ પરના તમામ અધિકારી અને કર્મચારીઓને નોટીસ ફટકારાઇ

બિનવારસી હાલતમાં ઇવીએમ બેલેટ યુનિટ સને 2018 ની અમિયાદ ગ્રામ પંચાયત પેટા ચૂંટણીના કામે વોર્ડ નં.9માટે વપરાયેલ બેલેટ યુનિટ તથા રીઝર્વ બેલેટ યુનિટ માલુમ પડેલ છે. જે સંદર્ભે બોરસદ પ્રાંત અધિકારીએ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર, આણંદને જે તે ચૂંટણી વખતે ફરજ પરના અધિકારી/કર્મચારીની વિગતો સહ અહેવાલ મોકલી આપેલ છે. તેના આધારે કલેક્ટર આણંદે તત્કાલિન ફરજ પરના તમામ અધિકારી/કર્મચારીઓને કારણદર્શક નોટીસ આપી છે, તેમજ રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર ખાતે રીપોર્ટ કર્યો છે.

### ઠાસરાના પાંડવણીયા ગામમાં યુવકે આડા સંબંધ માટે ત્રાસ આપ્યો

# પાંડવણીયા ગામમાં યુવકના ત્રાસથી પરિણીતાનો આપઘાત

2 સંતાનની માતાએ યુવકની ધમકીથી ત્રસ્ત થઈ જીવન ટુંકાવ્યું

(પ્રતિનિધિ) નડિયાદ, તા.2

ઠાસરાના પાંડવણીયા ગામમાં રહેતા 44 વર્ષિય બે સંતાનની માતાએ આપઘાત કરી લેતા ચકચાર મચી છે. મહિલાને યુવાન સાથે આડા સંબંધ બંધાતા જેની જાણ પતિને થતા પતિએ મહિલાને સમજાવી આડા સંબંધ પર પૂર્ણ વિરામ મૂકાવ્યો હતો. પરંતુ યુવાને મહિલાને હેરાન પરેશાન કરવાનું ચાલુ કર્યું હતું. આટલે થી વાત ન અટકતા આડા સંબંધ રાખવા યુવાન મજબૂર કરતો અને ધમકાવીને કહ્યું 'કાં તો મારી સાથે સંબંધ રાખ કાં તો મરી જા', જેથી યુવાનના ત્રાસથી મહિલાએ એસીડ પી મોત વ્હાલ કર્યુ છે.

ઠાસરા તાલુકાના પાંડવણીયા ગામે ખ્રિસ્તી ફળીયામા રહેતા 51 વર્ષિય પ્રવિણભાઈ અંબાલાલ પોતે ઓટો રીક્ષા ડ્રાઈવીગ કરે છે. મોટેભાગે તેઓ વડોદરા શહેરમાં રીક્ષા ફેરવે છે. તેમને સંતાનમાં બે દીકરાઓ છે જે પૈકી એક યુવા અવસ્થામાં તો અન્ય કિશોર અવસ્થામાં છે. નાનો દીકરો સ્કૂલે હોય તો મોટો દીકરો કોલેજમા હોય આ પ્રવિણભાઈની પત્ની કપીલાબેન (ઉ.વ.44) આખો દિવસ ઘરે એકલા જ હોય છે. ગયા જાન્યુઆરી માસમાં પ્રવિણભાઈને નવું મકાન બનાવવાનું હોવાથી તેઓ પોતાના પરિવાર સાથે ગામમાં અન્ય જગ્યાએ સ્થાઈ થયા હતા. દરમિયાન મકાન માલિકની પત્નીએ આ પ્રવિણભાઈને કહ્યું કે, તમારી ગેરહાજરીમાં ગામમાં રહેતા હેમંત વીલીયમભાઈ (ઉ.વ.આ.32 રહે.- ખ્રિસ્તી ફળીયુ, પાંડવણીયા) તમારી પત્નીને મળવા માટે ઘરે આવે છે. તેઓ બન્ને વચ્ચે આડા સંબંધ છે. આ રીતેની વાત પ્રવિણભાઈને કરી હતી. જેથી પ્રવિણભાઈએ આ બાબતે પોતાની પત્ની કપીલાને પુછતા તેણીએ આવુ કાંઈ નથી તેમ કહ્યું હતું. પ્રવિણભાઈના મકાનનુ કામ પુરુ થતાં પોતાના મકાનમાં રહેવા ગયા હતા.

દરમિયાન તેઓ જ્યારે વડોદરાથી સાંજે પરત આવે ત્યારે આ હેમંત વીલીયમભાઈને પોતાના ઘરમાંથી બહાર નીકળતા જોતા હતા. આજથી આશરે પંદરેક દીવસ પહેલાં પ્રવિણભાઈ વડોદરા ખાતે ધંધા અર્થે ગયેલ નહી અને તેમના ઘરે હાજર હતા ત્યારે બપોરના આશરે બે વાગે હેમંત અચાનક તેમના ઘરમાં આવી ચઢ્યા હતા. જેથી પ્રવિણભાઈએ આ હેમંતને કહ્યું કે તમે મારા ઘરે શુ કામ આવો છો ? તેવો ઠપકો આપતા આ હેમંતએ તેમની સાથે ઝઘડો કર્યો હતો.

આ બાબતે ડાકોર પોલીસમાં સામસામે અરજી અપાઈ હતી. જોકે સમાજના અગ્રણીઓએ વચ્ચે પડી સમાધાન કરાવ્યું હતું. ત્યારબાદ આ પ્રવિણભાઈએ પોતાની પત્ની કપિલાને સમજાવી આ પ્રકારના સંબંધ રાખવા યોગ્ય નથી. જેથી કપીલાબેને આ સંબંધ પર પૂર્ણવિરામ મુક્યો હતો. જે વાત આડા સંબંધ રાખનાર હેમંતને ગમી નહોતી અને હેરાન કરવાનું ચાલુ રાખ્યુ હતુ. જેથી ડરી ગયેલા કપિલાબેને ગત 25 જુનના રોજ પોતાના ઘરમાં રાખેલ એસીડ ગટગટાવ્યું હતું.

આ બાબતની જાણ પ્રવિણભાઈને થતા તેઓ તુરંત ઘરે આવી પોતાની પત્નીને નજીકના હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર માટે નડિયાદ તે બાદ અમદાવાદની હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન કપિલાબેનનુ મોત નિપજ્યું હતું. પરંતુ આ પહેલા કપીલાબેને પોતાની આપવીતી પોતાના પતિ પ્રવિણભાઈને જણાવી અને આ આડા સંબંધ રાખવા મજબુર કરનાર હેમંતના કારણે આ પગલું ભર્યું હોવાની હકીકત જણાવી હતી. આથી આ બનાવ મામલે પ્રવિણભાઈ અંબાલાલએ પોતાની પત્ની સાથે આડા સંબંધ રાખવા મજબુર કરનાર હેમંત વીલીયમભાઈ વિરૂધ્ધ ડાકોર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદ આધારે પોલીસે દુષ્પ્રેરણનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### યુવકે મહિલાને સબંધ રાખવા દબાણ કર્યુ

આરોપી હેમંત મહિલાના પતિની ગેરહાજરીમાં અવાર-નવાર ઘરે આવતો હતો. અને કપીલાબેનને કહેતો કે, 'તું તારા પતિથી ડરી ગયેલ છે. પરંતુ, તારે ડરવાની જરૂર નથી. હું તારી સાથે જ સંબંધ રાખીશ તારે પણ મારી સાથે સંબંધ રાખવા પડશે, કાં તો તું મારી સાથે સંબંધ રાખ કાં તો મરી જા' તે રીતેની ધમકી હેમંત વણકરે આપી હતી. તે બાબતની જાણ કપીલાબેને પોતાના પતિ પ્રવીણભાઈને પણ કરી હતી. જોકે પ્રવિણભાઇ આશ્વાસન આપતા આમ છતા આ હેમંતે તેણીને હેરાન પરેશાન કરવાનુ ચાલુ રાખ્યું હતું.

# આણંદ જિલ્લાના 36 નાયબ મામલતદારની બદલી કરાઈ

**ડીઝાસ્ટર** સહિતની જવાબદારી સોંપાઈ, તાત્કાલિક હાજર થવા હુકમ

(પ્રતિનિધિ) આણંદ તા 2

આણંદ જિલ્લામાં લોકસભાની ચૂંટણી અગાઉ વિવિધ કામગીરી હેતુસર નાયબ મામલતદાર કક્ષાના અધિકારીઓની બદલી કરી ચુંટણી લક્ષી કામગીરી કરવામાં આવી હતી. લોકસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ ગતરોજ સોમવારે સાંજે 36 જેટલા નાયબ મામલતદાર કક્ષાના અધિકારીઓની બદલીના હુકમો આણંદ જિલ્લા કલેક્ટર દ્વારા કરવામાં આવેલ છે. જીલ્લા કલેક્ટર દ્વારા બદલીનો દોર શરૂ થયો છે. હવે વર્ગ 3 કક્ષાના ક્લાર્ક સહિતના કર્મચારીઓની પણ બદલીઓ થવાની શક્યતા છે. લોકસભા ચૂંટણી દરમિયાન આચારસહિતા અમલમાં આવતાં નાયબ મામલતદારો તેમજ ક્લાર્ક સહિતના કર્મચારીઓની બદલી કરાઈ હતી. ચૂંટણી પરિણામ જાહેર થયા બાદ હવે ચોમાસામાં ડીઝાસ્ટર સહિતની જવાબદારી તેમજ વિવિધ કામગીરી માટે જિલ્લામાં જુદી જુદી કચેરીમાં ફરજ બજાવતાં 36 નાયબ મામલતદારોની બદલીઓના હુકમો આણંદ કલેક્ટર દ્વારા કરવામાં આવ્યા છે.. કેટલાક નાયબ મામલતદારોને તેમની અગાઉની મૂળ જગ્યાએ પરત મુકવામાં આવેલ છે. તો કેટલાક નાયબ મામલતદારોની અન્ય તાલુકામાં પણ બદલી કરવામાં આવી છે.

### આણંદ ભાજપ દ્વારા રાહુલ ગાંધીના નિવેદન સામે રોષ




આણંદ જિલ્લા ભાજપ દ્વારા સંસદમાં રાહુલ ગાંધીએ કરેલા નિવેદન સામે ભારે વિરોધ વ્યક્ત કર્યો હતો. રાહુલ ગાંધીના નિવેદનથી હિન્દુ સમાજની લાગણી દુભાઇ હોવાનું ભાજપના આગેવાનોએ જણાવ્યું હતું. આ અંગે વિરોધ વ્યક્ત કરવા માટે આણંદ ગ્રીડ ખાતે જિલ્લા કોંગ્રેસ કાર્યાલય સામે ભાજપના આગેવાનો દ્વારા સૂત્રોચ્ચાર કરી વિરોધ વ્યક્ત કરાયો હતો. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ પટેલ, જિલ્લા મહામંત્રી જગત પટેલ, સુનિલ શાહ, પૂર્વ ધારાસભ્ય સંજય પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ હસમુખભાઈ પટેલ વિગેરે કાર્યકર્તા આગેવાનો હાજર રહ્યાં હતાં. તસવીર : ફ્રાન્સિસ મેકવાન

# આણંદ મામલતદાર કચેરીમાં ફરતાં નવ વચેટિયા પકડાયાં

**જનસેવા કેન્દ્રની** આસપાસ ફરતા અરજદારો પાસેથી નાણા પડાવતા હતા

(પ્રતિનિધિ) આણંદ તા.2

આણંદ મામલતદાર કચેરી ખાતે આવેલા જનસેવા કેન્દ્રની આસપાસ ફરતા વચેટિયાઓ સામે પોલીસે કાર્યવાહી કરી હતી.

આણંદ જીલ્લામાં આવેલી સરકારી કચેરીમાં ગેરકાયદેસર એજન્ટ તથા ટોળી બનાવીને કચેરીમાં આવતા અરજદારને ઉલટી-સીધી વાતો કરી ભોળવી - લલચાવીને તેમજ ગેરમાર્ગે દોરીને વચેટીયા (એજન્ટ) તરીકે કામ કરાવી આપવાનું જણાવી જાહેર જનતાના પૈસા લઇ ભાગી જતા હોવાનું તથા છેપરપીંડી કરતા હોવાનું ધ્યાન પર આવ્યું હતું. આ અંગે આણંદના અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પાડી જિલ્લાની સરકારી કચેરીમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ કરવાના ઈરાદાઓ ધરાવનારી વ્યકિતઓને તમામ સરકારી કચેરીઓના મુખ્ય ગેટની આસપાસના 100 મીટર ત્રિજયાના વિસ્તારમાં ઉભા રહેવા તેમજ પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો હતો. આ જાહેરનામાને ધ્યાને લઈ મામલતદાર આણંદ (શહેર / ગ્રામ્ય) દ્વારા 1લી જુલાઈ,2024ના રોજ જનસેવા કેન્દ્રની આસપાસ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા 9 શખ્સ સામે ગુજરાત પોલીસ અધિનિયમ-1951ની કલમ-135 અન્વયે ફરીયાદ દાખલ કરવામાં આવી છે.

આ વચેટિયામાં શીતલબહેન દીપક બાબુ સુથાર (રહે. બાકરોલ), કોકિલાબહેન કીરીટ લલ્લુ યાદવ (રહે. કરમસદ), નસીમબહેન મુરમહમદ મલેક (રહે. નાપાડવાંટા, આણંદ), ફેમીદા સલીમ વ્હોરા (રહે. સો ફુટ રોડ, આણંદ), જયશ્રીબહેન રસીકલાલ વ્યાસ (રહે. પ્રિયા કોમ્પ્લેક્સ, આણંદ), કોકિલાબહેન ચુની રમણ પરમાર (રહે. સારસા), રમણ શંકર વાઘેલા (રહે. ધુળેટી, પેટલાદ), હસન બાઉદ્દીન વેરીયા (રહે. વ્હેરાખાડી, આણંદ), જયેન્દ્ર મગન દરજી (રહે. સુરાશામળ, નડિયાદ)નો સમાવેશ થાય છે. આ તમામ સામે પોલીસે જાહેરનામા ભંગની કાર્યવાહી કરી હતી.

# લુણાવાડાનો 'જુના હાડોડ બ્રીજ' પ્રતિબંધીત કરાયો

**બ્રિજ જર્જરીત હોવાથી** હોનારત ન સર્જાય તે માટે તંત્રએ નિર્ણય લીધો

(પ્રતિનિધિ) ખાનપુર તા.2

લુણાવાડાના હાડોડ - વરધરી રોડ ઉપર જુનો હયાત ડુબાઉ હાડોડ બ્રીજ આવેલો છે. જે હાલમાં જર્જરીત સ્થિતિમાં છે. આ બ્રીજની અપસ્ટ્રીમ બાજુએ રાજ્ય માર્ગ યોજના વિભાગ, વડોદરા દ્વારા નવીન હાઈલેવલ મેજર બ્રીજનું બાંધકામ કરવામાં આવ્યું હોવાથી આ હાઈલેવલ બ્રીજ વાહન વ્યવહાર માટે કાર્યરત છે, જેથી જુના ડુબાઉ પુલ ઉપર કોઈ અનિચ્છનીય બનાવ કે જાનહાની ન સર્જાય તે માટે બ્રીજ બંધ કરવામાં આવ્યો છે.

આ અંગે ડિસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ નેહાકુમારીએ હુકમ કર્યો છે કે, જુના હાડોડ બ્રિજ જે ડુબાઉ પુલ ઉપર કોઈ અનિચ્છનીય બનાવ કે જાનહાની ન સર્જાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેરહીતમાં આ જર્જરીત 'જુના હાડોડ બ્રીજ' પર અવરજવર માટે બીજો હુકમ ન થાય ત્યાં સુધી મનાઈ ફરમાવવામાં આવે છે. આ જાહેરનામાંનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈ પણ વ્યક્તિ ગુજરાત પોલિસ અધિનિયમ-1951ની કલમ -131 તથા કલમ-135 તથા ભારતીય ન્યાય સંહિતા-2023ની કલમ - 223 હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી અત્રેથી બીજો હુકમ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

# કામધેનુ યુનિવર્સિટી દ્વારા NAAC માન્યતા અંગે સેમિનાર યોજાયો

**આણંદની** એસએમસી કોલેજ ખાતે સેમિનાર યોજાયો

(પ્રતિનિધિ) આણંદ, તા. 2

આણંદની એસએમસી કોલેજ ઓફ ડેરી સાયન્સ ખાતે 'ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ માટે નેક માન્યતા રોડ મેપ' પર એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

કામધેનુ યુનિવર્સિટીની સ્થાપના સરકાર દ્વારા ડેરી, ફિશરીઝ અને વેટરનરી અને એનિમલ સાયન્સના વિકાસ માટે કરવામાં આવેલ છે. આ યુનિવર્સિટી દ્વારા આણંદ ખાતે 'ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ માટે NAAC માન્યતા રોડમેપ' પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારના ઉદ્ઘાટન સમારોહના પ્રમુખ સ્થાને કુલપતિ ડો. એન.એચ. કેલાવાલા બિરાજમાન હતા. જ્યારે અતિથિ વિશેષ તરીકે ડો. ડી.બી. પાટીલ, ડાયરેક્ટર ઓફ રિસર્ચ અને ડીન પીજી સ્ટડીઝ હાજર રહ્યા હતા. આ પ્રસંગે ડો.કે.કે. હડિયા, કુલસચિવ, કામધેનુ યુનિવર્સિટીએ તમામ




મહાનુભાવો સ્વાગત કર્યું હતું. કુલપતિ ડો. એન.એચ. કેલાવાલાએ નેક માન્યતા માટેના માપદંડો અને જરૂરિયાતો પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, કામધેનુ યુનિવર્સિટી સ્તરે નેક માન્યતા મેળવવા માટે કાર્યરત છે. જે ભવિષ્યમાં શિક્ષણમાં ગુણવત્તાયુક્ત સફળતા સુનિશ્ચિત કરવા માટે આ સેમિનાર એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ રહેશે.

આ સેમિનારના ત્રણ પ્રતિષ્ઠિત વક્તા ડો. બી. પી. બ્રહ્મક્ષત્રી, (સંયોજક-NAAC, કામધેનુ યુનિવર્સિટી), ડો. કિરીટ એન. લાડ (સંયોજક-IQAC, સરદાર પટેલ યુનિવર્સિટી, વી.વી. નગર) અને ડો. આર.ડી. મોદી (સંયોજક-IQAC, સી. પી. પટેલ અને એફ.એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદ) હતા. જેમણે નેક માન્યતા, પ્રક્રિયા, ઉચ્ચ શિક્ષણ સંસ્થા માટે નેકનું મહત્વ અને ડેટા દસ્તાવેજીકરણ પર વિવિધ વિષયો પર સંબોધન કર્યું હતું. આ સેમિનારમાં કામધેનુ યુનિવર્સિટીની વિવિધ કોલેજોના 100 થી વધુ પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. આ સેમિનારના સમાપન સમારોહમાં કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.એન.એચ. કેલાવાલા, ડો. કે.એસ. પ્રજાપતિ, ભૂતપૂર્વ પ્રાધ્યાપક, વેટરનરી પેથોલોજી, ડો. એસ.વી. પિન્ટો, આચાર્ય, એસ.એમ.સી. કોલેજ ઓફ ડેરી સાયન્સ આણંદ, ડો.બી. પી.બ્રહ્મક્ષત્રી, નેક સંયોજક કામધેનુ યુનિવર્સિટી, ડો.એસ.કે. ભાવસાર, સભ્ય સચિવ IQAC, કામધેનુ યુનિ. હાજર રહ્યા હતા.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225